ક્રા.નં./મા-૨/શિષ્યવૃતિ/૨૦૨૧/ 17676

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.30/૧૨/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

(એચ.એચ. રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જી.સુરત

150 YEARS OF CELEBRATING THE MAHATMA

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

જા.નં.ના.નિ./૨૦૨૧/૩૨૨૬થી૩૨૨૮ તા.૦૬/૧૨/૨૦૨૧

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત.

**વિષય**:- વર્ષ ૨૦૨૧-૨૨ની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી સત્વરે કરવા બાબત

**સંદર્ભ**:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં.ના.નિ./૨૦૨૧/૩૧૭૩ થી ૩૧૭૫ તા.૧૭/૧૧/૨૦૨૧

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૧-૨૨ની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવા **અગાઉ પરિપત્રથી** તથા ઉપરોક્ત **સંદર્ભ પત્રથી આપને જણાવવામાં આવેલ છે**.છતા પણ આજ દિન સુધી ડિઝિટલ ગુજરાત પોર્ટલ પરની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ વર્ષ-૨૦૨૧-૨૨ની આચાર્ય લેવલ પર થી હાયર ઓથોરિટીને સેન્ડ કરેલ છે પરંતુ **અત્રેની કચેરીને હાર્ડ કોપી મળવામાં નથી**, જેથી શિષ્યવૃતિની કામગીરી આગળ કરી શકાતી નથી. જેથી વિદ્યાર્થીઓની અરજી મંજુર કરવા પાત્ર હોય તો તેવી ઓનલાઇન અરજીઓનો નિયમનુસાર કાર્યવાહી કરી હાર્ડકોપી સાથે શાળા માન્યતા લેટર, એફ.આર.સી અને વિદ્યાર્થીઓની ઓનલાઇન ભરેલ અરજીની કોપીમાં પ્રિન્સિપાલના સહિ સિક્કા અને વિદ્યાર્થીની સહી તથા વિદ્યાર્થીના તમામ ડોક્યુમેન્ટ **સાથે અત્રેની કચેરીને દિન-૩માં હાર્ડકોપી જમા કરાવવા આપની કક્ષાએથી આપના તાબા હેઠળની શાળા/સંસ્થાને જણાવવામાં આવે છે.** સદર બાબતે ગંભીરતા દાખવી દિન-૩ માં પ્રિન્સિપાલ લેવલની કામગીરી પૂર્ણ કરવા આપને નમ્ર વિનંતી છે.

**વધુમાં જણાવવાનું વર્ષ ૨૦૨૧-૨૨ની અનુ.જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિમાં કોઈ વિધાર્થી શિષ્યવૃતિના લાભથી વંચિત રહેશે તો, તે તમામ જવાબદારી જે તે કોલેજ/સંસ્થાના પ્રિન્સિપાલની રહેશે. જે ધ્યાને લેવા વિનંતી છે.**

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના :

(૧) માન.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા સારૂ.

(૨) માન.કલેક્ટરશ્રી,સુરત તરફ જાણ થવા સારૂ.

Online રજુ